ઢેલની પીંછડી



લેખક
ગિજુભાઈ

વર્ષ ૪ થું નવચેતન પ્રકાશન : ૨૭ આપણી બાળગ્રંથમાળા પુસ્તક ૧ લું.

કલમની પીંછીથી

-: લેખક :-

સ્વ. શ્રી. ગિજુભાઈ

-: ચિત્રલેખા :-

શ્રી. સુશીલા બધેકા

-: સંપાદકો :-

સોમાભાઈ ભાવસાર : દિનેશ ઠાકોર

નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬; ભદ્ર: અમદાવાદ.

: પ્રકાશક :

પુરુષોત્તમ પૂ. પારેખ

નટવરલાલ લ. વોરા

નવચેતન સાહિત્ય મંદિર. ૨૪૫૬; ભદ્ર, અમદાવાદ.

કિંમત

•—૪—૦

—: મુદ્રક :—

મણિલાલ છગનલાલ શાહ

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

ઘીકાંટા : અમદાવાદ.

નિવેદન

આપણી બાળગ્રંથમાળાના ૪ થા વર્ષની ૧ લી ચોપડી તરીકે સ્વ. શ્રી. ગિજુભાઈની 'કલમની પીંછી' નામની ચોપડી ધરતાં અમને આનંદ થાય છે.

જીવતાં પાત્રોને જોઈને–અવલોકીને સ્વ. શ્રી. ગિજુભાઈની કલમે જીવંતપાત્રો શબ્દોદ્વારા જે રીતે આ ચોપડીમાં રજુઆત છે તે ખરેખર અદ્‌ભુત છે. આ ચોપડીનાં ચિત્રો તેમની પુત્રી શ્રી સુશીલાબેને દોર્યાં છે.

ગુજરાતનાં બાળકોને સ્વ. ગિજુભાઈની આ ચોપડી ગમી જશે એવી અમને આશા છે. આ લખીએ છીએ ત્યારે એમની ખોટ અમને સાલ્યા વિના રહેતી નથી. પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

સંપાદકો

અનુક્રમણિકા

■ ■ ■ ■ ■ શવો શકરવારીઓ



શવાને બધા શકરવારીઆ કહેતાં. શુક્રવાર આવે ને શવો દાળીઆની રેંકડી લઈને ગામમાં નીકળે.

શવો રેંકડી ધકેલતો જાય ને સાદ પાડતો જાય: 'ગરમા ગરમ શકરવારીઆ, જોર ગરમાં ગરમ ચણા, ગરમા ગરમ શકરવારીઆ'...'

શવાનો સાદ નાનાં છોકરાં સાંભળે, છોકરાની બા સાંભળે, છોકરાનાં દાદા સાંભળે, દાદી સાંભળે.

દાદા કહેશે, "એલા આજે તો શકરવાર લાગે

છે. દાદી કહેશે, " હા, શકરવારી દાળીઆ. " દાદા દાદીના મોઢામાં દાંત નહિ પણ ખાવાનું મન થાય.

બા બેન કહેશે, " લ્યો, ઘડીકવારમાં તો શકર-વાર આવ્યો. જાણે ગઈકાલે જ મશાલા દાળીઆ કર્યા'તા ને ખાધા'તા. નાનાં બાળકો કહેશે, " એ બા, શવો નીકળ્યો છે, શકરવારીઆ નીકળ્યો છે, અમારે દાળીઆ લેવા છે. "

બા અને બેનને દાળીઆ બહુ ભાવે. દાદા દાદીનેયે ભાવે તો ખરા જ ને ! પણ એનાથી કાંઈ રેંકડીએ જવાય છે ?

બા બેન કહેશે, " ઠીક ત્યારે, બે પૈસાના લઈ આવો."

બેન કહેશે, " એટલે દાળીએ નહિ થાય. "

દાદા કહેશે, " ચાર પૈસાના લાવો ને ભઈ, છોકરાં દાળીઆ ખાઈ રાજી થશે."

ચાર પૈસાના દાળીઆ લાવે. શવો તાજુડી લ્યે, દાળીઆ તોળે, ઉપર થોડુંક મીઠું મરચું ભભરાવે ને પડીકું વાળી આપે.

છોકરાં દાળીઆ લઈ બા પાસે દોડે.

બા કહેશે, "અહીં આવો, આપણે ભાગ પાડીએ"

બા ભાગ પાડે. "આટલા દાળીઆ દાદા દાદીના. એને કાંઈ દાંત છે ? ખાંડીને ભૂકો કરીને ઘી ગોળ નાખીને ખવરાવશું. આટલા દાળીઆ તમારા. લ્યો તમારા ખીસામાં. ખાતા જાઓ ને રમતા જાઓ ને આટલા હવે અમારા. આટલામાં તો બેન અને હું ખાશું ને વળી તમારા બાપા માટે પણ રાખીશું"

છોકરાં દાળીઆ લઈ ઉપડી જાય. બા બેન અથાણાની બરણીઓ ઉઘાડે. રાતુંચોળ તેલ ને મરચું કાઢે ને દાળીઆમાં ભેળવે. પછી સૂ સૂ કરતાં ખાતા જાય ને દાળીઆને વખાણતા જાય.


દાદાજીને તો દાળીઆ ખાંડી દેવા પડે. પણ દાદાજી પોતે જ હોંશીલા એટલે ખારણી લે, દસ્તો લે. અને હળું હળું પોતે જ દાળીઆ ખાંડે. પછી દાદાજી પોતે એમાં ગોળ ભેળવે અને જરાક ઘી નાંખી દાદા દાદી દાળીઆનો લાડવો ખાય.

સાંજે બાપા આવે. ચંપકની બા કહેશે, "લ્યો,

આ દાળીઆનો તમારો ભાગ રાખ્યો છે તે. આ દાળીઆના લાડવાનો કટકો. દાદાજીને લાડવો કરી દીધો હતો. એને લાડવો બહુ ભાવે."

બાપા કહેશે, "હા, એલા, આજતો શકરવાર છે ને? શવો શકરવારીઓ આવ્યો લાગે છે. માળો એ જબરો છે, રેંકડી લઈને નીકળવું, છોકરાંને ફોસલાવવા ને દાળીઆ વેચી પૈસાદાર થવું."

સૌ શવા શકરવારીઆનો વાંક કાઢતા જાય, દાળીઆની વાત કરતા જાય ને વળી પાછા આવતા શકરવારની વાટ જોતા જાય.



■ ■ ■ ■ ■ ■ ■ ગોવો ફીટર



ફીટર એટલે એન્જીનમાં કામ કરનારો. ગોવો પહેલાંનો એવો એક ફીટર હતો પણ હમણાં એ ઘરડો થઈ ગયો છે. હવે એ હથોડા ઉપાડી નથી શકતો. હવે એ એન્જીનમાં કોલસા નાખી નથી શકતો. હવે એ એટલી બધી મહેનત કેમ કરી શકે? હાથ પગ ઢીલા થઈ ગયા છે. આંખેય પૂરું કળાતું નથી.

ફીટરનો પગાર તો કેટલોક હોય તે બસો પાંચસોની મૂડી કરે? રળ્યું એટલું ખાધું અને ખાધું એટલું રળ્યો. પણ ઘરડો થયો એટલે મીલમાંથી

રજા લઈને ઘેર બેઠો. હવે એણે કરવું શું ? જિંદગી આખી લોઢામાં અને આગમાં ગાળી પણ દિ'તો ઈના ઈ રહ્યા. હવે એણે કરવું શું ?

ગોવો બિચારો પંડોપંડ છે. એક બાયડી હતી તે તો મરી ગઈ ને છોકરુંછૈયું તો થયું જ ન હતું. તોયે આ એકલા પંડને ખવરાવવું તો પડે ના. ? પેટ માગે એનું શું ?

ગોવાએ હમણાં એક હાટડી કરી છે. ઘાસલેટ, દીવાસળીના બાકસ, રેવડી, શીંગ, દાળિયા, મમરા, ગોળ, એવું એવું ગોવો રાખે છે અને સાંજ પડ્યે બે પૈસા કમાય છે. આવી હાટડીમાં કમાણી તે શું થાય ને વળી આવા વખતમાં !

ગોવો કમાય એટલું ખાય ત્યારે માંડ પેટ ભરાય. વકરામાંથી ગોવો થોડોક લોટ લાવે, ડુંગળીના ગાંઠિયા લાવે, પાઈ અડધી પાઈનું મીઠું મરચું લાવે ને ગોવો રોટલાને ડુંગળીનું શાક ખાય. કોઈવાર તો એકલા રોટલાને મીઠું એ ખાવું પડે. કોઈવાર ગોવો ભૂખ્યો પણ પડ્યો રહે. વખતે લોટ ન હોય તો વખતે પોતે જ

માંદા હોય. એનો કયો સગો લોટ આપે અને કઈ કાકી એને રોટલો ઘડી આપે ? હાડ હાલતાં હતાં ત્યાં સુધી 'ગોવો ફીટર ગોવો ફીટર.' હાડ ખખડ્યાં અને ઘડપણ આવ્યું એટલે સૌ સૌને રસ્તે ! ગોવો બિચારો ગોવલો. એનું કોણ ?

ગોવાને મેં ગઈકાલે હાટડીમાં જોયો. હું કેટલાયે વર્ષે ગામમાં આવેલો તે એને માંડ માંડ ઓળખ્યો. પહેલાં તો એ હાટડીમાં ગગો કુરો રહેતો હતો. મને વહેમ પણ નહિ કે ગોવા ફીટરે હાટ માંડ્યું હશે.

અમે નાના હતા ત્યારે બાપાની સાથે રૂના જીનમાં જતા. બાપા અમને બધું સાથે રહીને બતાવતા. એન્જીનની કોઠી આગળ એક પારસી બેસતો. એને અમે ઇજનેર કાકા કહેતા. એનું નામ કેકુ હતું. અમે એને કેકુકાકો કહેતા. કેકુકાકા આરામ ખુરશીમાં બેસતા અને ફીટરોને હુકમ કરતા. હુકમ પ્રમાણે ફીટરો કામ કરતા. ફીટરોમાં ગોવો પણ હતો.

ગોવો તે વખતે પૂરા વીસ વર્ષનો. જરા જરા મૂછ આવેલી. શરીરે ઊંચો અને ધીંગો, હાથના

બાંવડા ઉપર તો ગોટલા બાઝેલા. પગની પીંડીઓ તો જાણે લોઢાની. ગોવો ઘડીક હાથમાં પાવડો લે અને કોલસા નાખે. ગોવો ઘડીક હાથમાં હથોડો લે અને લોઢું ટીપે. ઘડીકમાં એન્જીન ઉપર આંટા મારે અને અહીંતહીં તેલ પૂરે. પસીનો લૂછતો જાય અને ધમ ધમ ચાલતો જાય. કેકુકાકા તો હુકમ કરી જાણે. એની જીભ હાલે અને ગોવાના હાથ પગ હાલે. સાંજ પડે ત્યાં તો ગોવો કેટલુંયે કામ કરી નાંખે.

ગોવાને મારા બાપા ઓળખતા. બાપા કહેશે: 'કાં ગોવા, કેમ ચાલે છે?' હસીને ગોવો કહેતો: 'એ બાપા તમ પરતાપે લ્હેર છે!' ગોવો વધારે વાત કરવાયે ન રોકાય ને કામે જાય.

મને થયું, આ હાટડીમાં બેઠેલો ગોવો ફીટર ખરો, પણ તે દિ'નો ગોવો ફીટર અને આજનો ગોવો ફીટરમાં લાખ ગાડાનો ફેર. મને થયું, ક્યાં એ ફીટ-રનું શરીર અને ક્યાં આ ડોસાનું શરીર!

મેં પૂછ્યું: 'કાં ગોવા ફીટર કેમ છો?' આંખ તાણીને ગોવાએ મારી સામે જોયું. ધારી ધારીને જોઈને કહે: 'તમે કે ભાઈ, ભગવાનદાદાના દીકરા

ના ? મને થયું કે ગોવો ફ્રીટર કહીને બોલાવનારો તો કોણુ હશે ? ભાઈ, એ ફ્રીટરના દિ'તો ગયા. હવે તો આ સૌ ગોવાદાદા, ગોવાડોસા કહીને બોલાવે છે. જુઓને હવે તો ઘડપણુ આવ્યું ને આ……'

ગોવાની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. જીભ આગળ ચાલી નહિ. મેં મારા આંસુ કળાવા નદીધા.



વિઠલો વેઢાળો



આવું તે નામ શા માટે પડયું હશે? વેઢાળો એટલે વળી શું? એટલે એમ કે ગામ સમો એકલો વિઠલો જ હોશિયાર કે ગમે તેવા વેઢાવાળા લાકડા વિઠલો ફાડી દે.

લાકડામાં બાવળના લાકડા ફાડવા આકરા. અને એમાંયે એના વેઢા ફાડવા એ તોબા ભગવાન! એક એક વેઢો ફાડતાં છાતી ઊંચી થઈ જાય ને હાથને ગોટલા બાઝે.

વિઠલો નાનપણુથી જ લાકડા ફાડવાનું કામ કરતો. એનો બાપ પણ લાકડા ફાડતો. એના બાપનો બાપે ય લાકડા ફાડતો. દાદાથી એ લોકો લાકડા ફાડવાનું કામ કરતા.

બિચારા બધા લાકડા ફાડી ફાડીને મરી ગયા ને એની પાછળ હથોડા અને છીણીઓ મૂકતા ગયા. વિઠલાના બાપે એની વાંસે વિઠલો મૂકયો ને સાથે બે હથોડા અને થોડીક છીણીઓ મૂકી.

દસ વરસથી વિઠલો કામ કરવા મંડયો. વિઠલો લાકડાની વખારે જાય અને નાના લાકડા ફાડે. મૂળજી સુથાર રોજ આનો બે આના આપે અને દિ' બધો કામ કરાવે. બાપે જિંદગી આખી લાકડા ફાડયા અને હાડકાની કોચકીઓ કરી નાખી ત્યારે વાંસે એક દિ'નું ખાવાનું ન નીકળ્યું. પછી નાની મોટી મૂડી તો શું નીકળે ! સાંજ પડયે માંડ રોટલો કમાય એમાં વિઠલાને ભણાવે પણ શું ? વિઠલો નાનપણુમાં આથડયો અને દસ વરસનો દાડીએ ચડયો. દાડી ન કરે તો સાંજે માબાપનું શું ?

મા હતી પણ એ તો અપંગ જેવી હતી.

બિચારી કોઈનાં દળણાપાણી પણ કરી શકતી ન હતી. માંડ કરીને રોટલા ઘડી આપે ને કળશા વાસીદું કરે.

વિઠલો મોટો થયો ને હથોડો હાથ બેઠો. વિઠલો નાના લાકડામાંથી મોટા લાકડા ફાડવા લાગ્યો. વિઠલો બેને બદલે ચાર આના કમાવા લાગ્યો. વિઠલો અને તેની મા રોટલો અને શાક ભેળા થયા.

વિઠલો સાંજે પાછો આવે ત્યારે ફાટેલા લાકડાના છોડિયાં લેતો આવે. માને ચૂલો સળગાવી દે. રોટલાનો લોટ કાઢી આપે. શાક સુધારી આપે અને ઠલે કરે.

મા રોટલા ઘડતી જાય ને વાતો કરતી જાય. 'બાપાવિઠલા, જેવી ભગવાને નાખી એવી ઉપાડવી. તારા બાપ લાકડા ફાડી ફાડીને મરી ગયા પણ આપણે બે પાંદડે ન થયા. જો છો ના, આ ઘરમાં શું છે? ઘંટી, તાવડી ને પાણીના માટલા સિવાય શું ભાળે છે? પણ વિઠલા, તારા બાપે એક છોડિયાં સરખાની ચોરી કરેલી નહિ. છોડિયાં લાવે ઈ એ પુછીને લાવે. વિઠલા, જોજે

બાપ, મારો પંડ તો આજ છે ને કાલ નથી પણ તારા બાપાને રસ્તે હાલ્યો જાજે. જોજે, કોઇ કામનો ચોર થઇશ નહિ. ”

વિઠલો આ બધું સાંભળતો અને મરચું ને રોટલો ખાતો જતો.

ડોશી તો મરી ગયાં ને વિઠલો એકલો રહ્યો. વિઠલો જુવાનજોધ થયો હતો. રોટલો ખાધેલા પણ એનાં કાંઈ બાંવડા ! અને એનું કાંઈ બળ ! પણ એવો બળીઆ વિઠલો એવો તો શોભે કે વાત કરો મા.

વિઠલો સવારે વહેલો ઊઠે. મોતીતળાવે નાહી આવે. શંકરને પાણી ચડાવે. ટાઢો રોટલો ને મરચું ખાઈ લે ને પછી લોઢાં લઇ બંધ બેસરાણે બેસે.

‘ કાં વિઠલા, વેઢા ફાડવા આવવું છે કે ? નકરા વેઢા છે. ’

વિઠલો કહેશે : “ વેઢા ને બેઢાં. જે કહો તે ફાડી આપું. ”

“ વિઠલા, ત્રણ આના મળશે ત્રણ આના. ”

" ના ભાઈ, મારે ત્રણ આનામાં ખાવું શું ને બાઈડીને ખવરાવવું શું ?"

" ત્યારે ચાર આના, પાંચ આના, છ આના." વિઠલો છ આને લાકડા ફાડવા જાય.

બસ, વિઠલો કામ પર ચડયો એટલે ચડયો. એની માએ એને કાનમાં વાત કીધેલી. એના બાપને તો એણે નજરો નજર ભાળેલો. એના બાપે કોઈ દિ' હરામ હાડકાં કર્યાં હોય તો ને? જેવા બાપ સાચક એવો જ એનો દીકરો સાચક.

વિઠલો હીંહ–હીંહ કરતો જાય ને છીણી ઉપર ઘણ પછાડતો જાય, વિઠલાને ડીલે પરસેવા પરસેવા વયા જાય પણ વિઠલો ખોટો પોરો ન ખાય. લાકડાના વેઢા પણ એવા કે છીણીની ધાર ભાંગે પણ એમાં લીંટો ન પડે, પણ એ તો વિઠલો વેઢાવેઢા કે વેઢા તો શું, પણ એના બાપાનેય ફાડી નાખે. ખૂબ થાક લાગે ત્યારે વિઠલો પોરો લે, છાંયે બેસે અને હોકલી સળગાવે. એના બાપ જેમ વિઠલો પણ હોકલી પીતો.

વિઠલો ઘણ પછાડે ત્યારે ધરતી ધમધમે.

છીણીની માથે હથોડો પડે તે જાણે લોઢું તૂટી જશે. અને હાથમાં જેર એવું કે ઘા આઘો પાછો ગયો તો ભોંમાં પા હાથ ખાડો પડી જાય.

પણ વિઠલાના આવાં જેર કેટલા દિ' ચાલવાનાં ? આટલી મહેનત પાછળ ખાવાનું તો કે રોટલો ને મરચું, શાક ને છાશ. ઘી દૂધનું તો વિઠલાથી નામ ન લેવાય. વાર પરબે ભાળે ઈ ભાળે. મોટી વખારોની વખાર વિઠલો લાકડા ફાડીને ભરીદે ને લાકડાવાળો હજારો કમાય પણ વિઠલાના તો છ કે આઠ આના બ્રહ્માએ લખ્યા એ લખ્યા. બ્રહ્મા પણ જબરો !

વિઠલો એવડો ને એવડો થોડોક રહે છે ? જુવાનમાંથી આધેડ અને આધેડમાંથી ઘરડો થયો તોયે વિઠલો લાકડાના વેઢા ફાડે છે. એના જેવો બીજે કોઈ વેઢા ફાડી જાણે નહિ. ઘરડો વિઠલો—દમ લેતો વિઠલો—એ પેલી છાપરી નીચે નીચે વેઢા ફાડે. હમણાં તે થાક ખાવા બેસશે. હોકલી પીશે ને વળી પાછો ખોંખોં કરતો લાકડા ફાડવા માંડશે. હવે તો એનો હાથ પાતળો પડી ગયો

ગયો છે. નસેનસુ દેખાય છે ને હથોડો ઉપાડે છે, ત્યારે પેટ ને છાતી ઊંચા થઈ જાય છે ને વારે ઘડીએ વિઠલાને ઉધરસ આવે છે.

સાંજ પડશે ને વિઠલો ઘેર જશે. જતાં જતાં પાંચ છોડિયાં માગી લેશે. જિંદગીમાં એણે સમ ખાવા એક પણ છોડિયું નથી ચોર્યું.

હમણાં વિઠલો થાકયો પાકયો ઘેર જશે. ખાટલીએ બેસશે. દસ વરસના ગગાને અને ત્રણ વરસની ગગીને રમાડશે અને વાળુની વાટ જોશે.

વિઠલાની વહુ બહુ સારી છે. જેવો છે એવો ગરીબ સંસાર સંતોપથી ચલાવે છે ને મજા કરે છે.

વિઠલો ખાતો ખાતો એના બાપા અને એની બાની વાતો કરે છે અને છોકરાને કહે છે કે : ‘ ભા, એક છોડિયું સરખું યે ચોરીશ નહિ અને ‘ કોઈ દિ’ પણ કામનો ચોર થઈશ નહિ.



માજી



નહિ ઊંચા, નહિ નીચાં, એવાં એ માજી હતાં. માજી પાતળાં તો ન કહેવાય પણ એટલાં બધાં જાડાયે નહિ. એ ઉમ્મરે મોટાં હતાં પણ દીકરા વિનાના હતાં. એ માજી હતાં પણ કોઈ એને માજી કહે એમ નહોતું.

નાનું એવું ઘર હતું. ગામડાનું એ ઘર. નીચા છાપરાનું, માથે નળિયાવાળું, જુના કાટવળા-વાળું, તૂટેલાં નળિયામાંથી બારી વિનાના ઘરમાં

ચાંદરણાં પડે એવું. ઘરની ભીંતે ગાર હતી ને ગારે પોપડાં કાઢ્યાં હતાં.

ઘરની ઘરવખરીમાં જૂની પેટી હતી. નાનો એવો હડફો [ઇસ્કોતરો] હતો. શીકું હતું. કોઠીઓ હતી. તૂટેલાં ફૂટેલાં માટલાં હતાં. અને ભાંગેલોતૂટેલો કેટલોય સરસામાન હતો.

ઘર ડોશીનું હતું કે સામાનનું હતું એ તો ભગવાન જાણે પણ ઘર ડોશીનું જ હતું.

ઘરના ઉંબરાની ઓલીકોર, ઘરની અંદર માજી બેઠાં હતાં. સોઢણીઆની જાતનું માજીએ ઓઢણું ઓઢ્યું હતું. માજીના વર પચ્ચીસ વરસ પહેલાં દેવ થયાં હતાં. માજીનો વેશ વિધવાનો હતો.

મને થયું, માજી પાસે જાઉં ને વાતો કરું. મારી એવી એક ટેવ છે. આવું કોઈ મળે તો વાતો કરવી ને અનુભવનું ભણવું.

"માજી, કેમ છો?"

"ઠીક છે ને ભા."

"માજી, જમ્યા કે હજી વાર છે ?"

"આજે રામનોમ છે. આજે અપવાસ છે. હમણાં લોટ માગી આવી. આ તાંબડીમાં આટલો આવ્યો."

માજીની તાંબડીનો લોટ મેં જોયો. મારો ભાઈ-બંધ જમનો નાનપણમાં લોટ માગતો તે મને યાદ આવ્યું. નથુ શુકલની તાંબડી નજરે તરી.

"માજી, આટલો બધો લોટ રોજ મળે છે ?"

"નારે ભા, હું તો બે ચાર દિ' યે આંટો મારું છું. મારા એક પંડને ખાવું એટલે કેટલોક લોટ જોવે ! અને મને તો ખરક બ્રાહ્મણને ત્યાંથી રોજ રોટલો ને શાક મળે એટલે આ લોટ તો કોકવાર કામ આવે. એનું વળી શાક પાંદડું એવું લેવાય. અમે અતીત બાવા છીએ. આ મંદિરમાં મારો ભાઈ પૂજારી છે. હમણાં અમે નોખાં રહીએ છીએ."

માજી નિરાંતે વાતો કરતાં હતાં. વર્ષોથી ગોઠ-વાઈ ગએલી જિંદગીની વાત કરતાં તેના મોં ઉપર એકયે જાતની સારી માઠી અસર નો'તી થતી. ઘણી

મરી જાય, દીકરો મરી જાય, ભાઈથી નોખા રહેવું પડે, કોઠીઆ જેટલી ઓરડીમાં પડયા રહેવું પડે, એ બધું ડોશીને માટે જાણે કાયદા પ્રમાણે લાગતું હતું.

"માજી, આ રોટલો શેનો?"

"ઈજ હું કહેતી'તી ને ખરકને ત્યાંથી આવ્યો છે."

"પણ આજ તો રામનવમી છે."

"હા, એટલે તો વડીનું શાક ભાઈને ત્યાં મોકલ્યું ને આ રોટલા કૂતરાને નાખીશ."

મને થયું કે આ રોટલો પવિત્ર છે. દયાધર્મ સમજી ખરકે બાઈને આપ્યો છે. કૂતરાને મળે કે હું ખાઉં એમાં વાંધો શું છે?

"માજી, મને ખાવા આપશો?"

"તમે શું કામ ખાઓ ભા?"

"મને ભૂખ લાગી છે. મારે તો રોટલો ખાવો છે. હું તમારો દીકરો છું, એમ ગણીને રોટલો ખવરાવો."

માજી અવાક્ રહ્યાં. મેં રોટલો હાથમાં લીધો. માજી પાસેથી એક થાળી કાઢીને એમાં મેં મૂકયો.

માજી કહે, "લ્યો, શાક મંગાવું, ઓલ્યે ઘેર આપી દીધું છે તે."

મેં તો લૂખો જ રોટલો ખાવાનું શરુ કર્યું.

ત્યાં તો બીજી બેનો આવામાં ભળી. ત્યાં તો શાક આવ્યું, ત્યાં તો છાશ આવી, ત્યાં ખાંડેલાં મરચું ને મીઠું આવ્યાં, ત્યાં તો માજીએ જરાક માખણ હતું તે આપ્યું.

"માજી, માખણ ક્યાંથી ?"

"એ તો રોટલા હારે આવેલું છે."

માજી તો બેઠાં જ હતાં. અમને ખાતાં જોઈને તાજુબ થતાં હતાં. ભાઈને ઘેરથી રોટલા ઉપર રોટલાં મંગાવતાં હતાં અને અમને ખવરાવતાં હતાં. ગાડાના પૈડાં જેવો રોટલો, જાડી રેડ જેવી છાશ, ખાંડેલું મીઠું ને મરચું અને તીખી આગ જેવી વડીનું શાક ! ખાધું પીધું ને હો...ઈઆ કર્યું.

" માજી આજે તો બહુ લહેર આવી. "

" સારું થયું ને ? "

" માજી, ફરાળમાં શું ખાશો ? "

" આ ગામમાંથી શકરિયાં આવશે તો ઠીક, નકર બટેટાં લઈ આવીશ ને બાફીને ખાઈશ. "

" માજી, તમને બહુ ગડબડ થઈ ને અમે તમને હેરાન કર્યાં. "

" ના, મા, ગડબડ શેની! એમાં હેરાન શેના ? "

" માજી, ત્યારે હવે રજા લેશું. "

" ભલે ભા. "

માજી પાસેથી અમે વિદાય લીધી ને ચાલતાં થયાં. માજી અમારી સામે ટગર ટગર જોતાં ક્યાંય સુધી ઊભાં હશે તે કોણ જાણે !



કાનો રબારી



કાનો સીમમાં રહેતો અને ઢોર ચારતો. કાનો ઢોર ભેળો ઢોર થઈને રહેતો. કાનો ઢોર પાછળ ફરે, દૂધ પીએ, ઢોરની વચ્ચે સૂએ અને ઢોરની ભાળ રાખે.

જેવાં એને ઢોર વા'લાં, એવો જ કાનો ઢોરને વા'લો. કાનો ઢોરથી આઘોયે ન જાય ને પાછોય ન જાય. કાનો ઢોરની આગળ હાલે ને કાનો ઢોરની પાછળ હાલે, અને કોઈ કોઈ દિ' કાનો ઢોરની વચ્ચોવચ્ચ પણ હાલે.

ઢોર પણ એવાં કે કાનાની નજર વેગે રહે.

જરાક આઘાં જાય ને પાછું વળીને જોયે. જરાક વાંસે રહી જાય તો હડી કાઢીને કાના ભેળાં થાય.

સવાર થાય, ઢોર ચરે ને કાનો પાવો વગાડે. ઢોર ચરતાં જાય અને વાંસળી સાંભળતાં જાય. વાંસળી જરાક બંધ થાય કે ઢોર ઊંચી ડોક કરીને જૂએ. કાનો ક્યાં ગયો? વાંસળી કેમ નથી વાગતી?

બપોર થાય ને ઢોર વડ હેઠે આવે. તાજા મજાના શીળા નીચે ઢોર બેસે ને બેઠાં બેઠાં વાગોળે. નાનાં વાછડાં આમતેમ કૂદે ને ગળાની ટોકરી ટન્ ટન્ થાય. નાનાં પાડરું એમતેમ ઠેકે ને કુણું કુણું રણકે. કાનો વડને થડ આડે પડખે થાય ને એને બેચાર મીઠાં ઝોલાં ખાય.

ત્યાં તો સાંજ પડવા આવે અને કાનો હાકોટા કરે. ધણ આખું ઊભું થાય ને ગામ ભણી હાલી નીકળે. મોઢા આગળ ધણ અને વાંસે કાનો. કાનાને ઊંચી એડીવાળા જોડા, બોરિયાવાળો લકલકીઓ ચોરણો ને ચેણવાળું કેડીયું અને જમણે ખભે ડાંગ. ઢોરનો ધણી, સીમના સિંહ જેવો રબારી, સૂરજ આથમે ઘેર આવીને ખાટલી ઢાળીને હેઠો બેસે. પુની રબારણ ગાયો ભેંસોને દોહી ને દૂધનાં બોઘડાં ઘરમાં મૂકે.


રાત પડે ને વાળુ વેળા થાય. કાનો રબારી ને પુની રબારણ, લાખો, એનો દીકરો ને લાખી, લાખાની વહુ, અને નંદુ ભીખલો ને નથુડો રળિયાત, આખું કુટુંબ દૂધે વાળુ કરે. ગાડાના પૈડાં જેવો રોટલો ને દૂધ ને સાથે ગાજરનું અથાણું.

કાનો રબારી ઢોરઢાંખરે ભરેલો હતો. શરીરે સશક્ત હતો. એ માણસમાં પૂછાતો. પુની રબારણ છોકરેછૈયે ઢાંકેલી હતી. શરીરે સજાપાવાળી હતી અને પાંચ બાયડીમાં ગણાતી. છૈયાંછોકરાં આંગણામાં રમતાં, બોરડીનાં પાંદડાંની છાશ કરતાં, નળિયાની ગાડી કરતા, ધોલકી ધોલકીની રમત કરતાં અને મોટાં થતાં એમ સીમે જાતાં.

રબારી સુખી હતો. રબારણ સુખી હતી. રબારીનાં છોકરાં સુખી હતાં.

સૌ સંપીને રહેતાં, ઢોર પાળતાં ને ઢોર ચરાવતાં. રોટલાને દૂધ, રોટલા ને માખણ, રોટલાને છાશ અને ખીચડી ને ઘી ખાતાં ને લ્હેર કરતાં. કોકવાર કળથીનું, તો કોઈવાર મગનું, તો કોઈવાર અડદનું શાક ખાતા ને મજા કરતા.

નથુ પીંજારો



"કાં, નથુકાકા. હવે રૂ પીંજવા ક્યારે આવશો ? પાંચ ગાદલાં ભરવાં છે તે હવે આવોને ! "

નથુ કહે: 'ભાઈ, કાલ આવું. કાલ સવારે જરૂર !' પણ નથુની કાલ પડે નહિ અને નથુ ગાદલા ભરે નહિ.

નથુ ગામ સમ એક જ પીંજારો. એક પીંજારો તો પીંજારો પણ કામનો ઉસ્તાદ પીંજારો. ઉસ્તાદ તો ખરો પણ હાથનો પૂરેપૂરો ચોકખો. રૂનું એક પુમડું યે ન બગડે તો !

નથુકાકાને કામનો પાર નહિ ને દિ'નો દુકાળ. પણ નથુકાકા જીભના મીઠા અને કામે ઉતાવળા. ' કાલ્ય આવીશ, કાલ્ય આવીશ ' એમ કહેતા જાય અને એમ કરતાં એક સવારે આવીને ઊભા પણ રહે.

એક દિ' નથુકાકા આવ્યા ને આંગણામાં આવી ઊભા રહ્યા. ' એ આવ્યો છું બેન, ગાદલાં, ગોદડાં, ઓશીકાં જે ભરાવવું હોય ઈ ભરાવી લ્યો. ઘરેય નથી જાવું ને બારેય નથી જાવું. રમજુડાની મા ગઈ છે બહારગામ. બે ત્રણ દિ' હાથોહાથ છે. આ અહીં જ બપોર કરી લઈશ ને પાછો કામે વળગીશ. '

બાપા કહેશેઃ ' એલા નથુ, ડાહ્યો તો ખરો. આવું કરે તો અમને બહુ ગમે.'

બાપા કહેશેઃ ' એ ચાલો ક્યાં ગયા ? હવે જ પીંજાવવું હોય, ભરાવવું હોય, ઈ ભરાવો. ઓલી ઓરડી ખાલી કરો ને ઈ નથુભાઈ ને સોંપી દ્યો.'

નથુ ઓરડીમાં તાંત ઉતારે. માથે બંધાણું મૂકે ને જુનાં ગાદલાં ઉખેડવા માંડે.

નથુ વચ્ચે વચ્ચે બોલતો જાય. આના કરતાં તો નવું રૂ નાખો તો સોઘું પડે. ઓણ રૂ ના ભાવ સાવ સોઘાં છે. આ તો સોના કરતાં ઘડામણ મોઘું થશે. રૂ જેટલું તો મારું પીંજામણ થશે.

બા કહેશેઃ 'હવે ઓણ તો થયું તે થયું. તમ તમારે વરસે વરસ કરો છો એમ કરોને!'

નથુકાકા જુના રૂનો મોટા બધા ઢગલો કરે. પછી કાથીના ખાટલા ઉપર નાખે અને પછી એને વાંસની લાંબી સેટીઓ વડે સબોડે. રૂને એવું ગસિવાડે એવું સબોડે કે રૂમાંથી બધી કીટી ખરી જાય અને રૂ હલકું હલકું થાય.

કાકા અમને કહેશેઃ 'તમે ઓરડીમાંથી વયા જાઓ, નકર કીટી ગળામાં જાશે અને ગળું રહી જાશે.' પોતે તો નાક અને મોઢા આગળ બોકીનું બાંધે અને પછી રૂ ને ધમધમાવે.

પછી નથુકાકા પીંજણ લે. ટ્રૂં ટ્રૂક, ટ્રૂં ટ્રૂક, ટ્રૂં ટ્રૂક, ટ્રૂં ટ્રૂક થવા માંડે. નથુકાકા એક હાથે પીંજણ પકડે, બીજે હાથે ઘોકો હલાવે ને તાંત ઉપર રૂ ચઢાવે.

પીંજણુ ટૂં ટફ થવા માંડે ને રૂ તાંત ઉપર ચડી ચડી ને ચોખ્ખું થવા માંડે.

નથુકાકાનો કાંઈ હાથ! એવો તો મજબૂત અને એની તે કાંઈ ફાળ! ઘડીકમાં તો કેટલું બધું રૂ પીંજી નાંખે. પીંજી પીંજીને રૂનો મોટો ઢગલો કરે. રૂ ધોળું મજાનું બાસ્તા જેવું થઈ જાય. નથુકાકા કહે: 'એ જુઓ હવે આ રૂ? કેવું હતું ને કેવું થયું? છે કાંઈ કે'વાવારો? ધોળું દૂધ જેવું થયું છે ના?

ત્યાં તો બપોર થાય ને નથુકાકા તાંત હેઠી મૂકે. નથુકાકા કેમ જાણે ઘરનું માણસ હોય તેમ બાને સાદ પાડીને કહે: 'એ બેન, લાવજો હવે ખાવાનું. બપોર તો ક્યારની પડી ગઈ.

નથુકાકા હાથ, મોઢું, કપાળ, દાઢી ધૂએ. દાઢીમાં જરા જરા રૂ ભરાયું હોય એ તો એમ ને એમ રહે. કાકા કાંઈ કાચમાં જોવા નવરા ન હોય કે દાઢીએ ભરાએલ રૂના ખુંભણુ કાઢવા બેસે. નથુકાકા કોણી સુધી હાથ ધૂએ, ગોઠણુ સુધી પગ ધોઈ ને પછી હાશ કરી પલાંઠીવાળી જમવા બેસે.

એમ તો બા સારાં હતાં. ઘરમાં જે રાંધ્યું હોય તે બધું નથુકાકાના ભાણામાં પીરસે. કશો ભેદભાવ ન રાખે.

નથુકાકા નિરાંતે ખાય. પછી જરા આડે પડખે થાય ને વળી પાછા કામે લાગે. નથુકાકાનું ઈ ભારે. નથુકાકા નકામી એક પળ પણ ન ગાળે. કામ સાથે કામ. ખોટી બડાઈએ નહિ ને અલક-મલકના ગપ્પાંએ નહિ.

નથુકાકા ખોળીયામાં રૂ ભરવા માંડે. ગાદલાં ભરે, ગોદડાં ભરે, ઓશીકાં ભરે. બધું ઝટપટ ભરી નાંખે. કાકા ભરવામાં હોશિયાર. એકલે પંડે કામ કરે પણ મોળા નહિ. રૂ ભરતા જાય, સોટીથી સરખું કરતા જાય અને ગાદલું મજાનું ભરતા જાય.

ગાદલું ભરાઈ જાય, ગોદડું ભરાઈ જાય, પછી નથુકાકા દોરી કાઢે ને ફીટિયા લે. ફાંટીએ ફાંટીએ ફૂદડી મૂકતા જાય ને દાબીને ફાંટાઓ લેતા જાય. એમ કરતાં કેટલું બધું ભરી નાખે.

એમ કરતા સાંજ પડે નથુકાકા ખભે ખેશિયું નાંખે, માથે ફેંટિયું મૂકે ને ઘર ભણી હાલે.

હાલતાં હાલતાં કહેતા જાય: 'એ કાલે ય આવીશ. કામ ભેળું કામ, વળી વરસ દિ'ની વાટ. જેટલું કાઢવું હોય તેટલું કાઢી રાખજે.'

નથુકાકા હાથમાં તાંત લઈ ઘેર જાય ને અમે નવા ગાદલામાં આળોટીએ.



■ ■ ■ ■ ■ ■ ■ રત્નો ભાંડ



અમે નિશાળમાં ભણતા હતા. મોટા મહેતાજી લાંબી સોટી લઈ ભણાવતા હતા. નિશાળમાં કલબલ કલબલ થતું હતું અને મહેતાજીઓ બરાડતા હતા.

એકદમ બેચાર છોકરા દોડતા આવ્યા અને મોટા મહેતાજીને કહે માસ્તર સા'બ માસ્તર સા'બ આપણા ડિપોટી સા'બ આવે છે. એ પણે દરવાજા આગળ દેખાય.

મોટા મહેતાજી હેબતાઈ ગયા. એકાએક ડિપો-ટીસાહેબ ક્યાંથી ? એતો હાંફલા ફાંફલા થઈ ગયા.

ટેબલ ઉપરથી ફેંટો માથે મૂક્યો પણ સવળાને બદલે અવળો મૂકાયો. ગભરાટમાં ને ગભરાટમાં મહેતાજીની પાછલી કાછડીનો છેડો છૂટી ગયો. મહેતાજી ડિપોટીને લેવા માટે સામે દોડયા. નિશાળ આખી ચૂપચાપ થઈ ગઈ. બધા શિક્ષકો ટાઢાટમ થઈ ગયા.

ત્યાં તો ડિપોટી નજીક આવ્યા. બરાબર ડિપોટીજ. એમાં જરાકે ફેર નહિ. નાકે ચશ્માં, ખભે ખેસ, હાથમાં લાકડી ને માથે ગુજરાતી પાઘડી. અસલ ડિપોટીની જ ચાલ.

મહેતાજી અને ડિપોટી નિશાળના બારણા આગળ ભેટાભેટ થઈ ગયા. મહેતાજીએ સલામ કરી આવકાર આપ્યો: 'પધારો શા'બ. ઓચીંતા ક્યાંથી?' ત્યાં તો ડિપોટીના મોઢામાંથી બે લાંબા દાંત દેખાયા ને મહેતાજી સમજી ગયા કે આતો પેલો રત્નો ભાંડ. ત્યાં તો રત્નો ભાંડ હસીને બોલ્યો: 'વાહ મહેતાજી શા'બ, ભણેલ ગણેલ તમેય છેતરાણા? લ્યો, હવે રાજી કરો.' મહેતાજીએ ચાર છ આના આપી રત્ના ભાંડને રાજી કર્યો.

એક દિ' મારી કાકી વાત કરવા બેઠાં કે આજ તો

ભારે ગમ્મત થઈ. અમે નદીએ બેડાં ઉટકી પાણી ભરતા'તાં ત્યાં એક બીબી આવી ને એ પણ બેડું ઉટકવા લાગી. અસલ બીબી જેવી જ બીબી. પગમાં ચોરણી, ડીલે અંગરખો ને નાકે વાળી. અમને થયું આ ગામમાં તો મુસલમાન નથી ને આ બીબી ક્યાંથી? ત્યાં તો બીબીએ ઝટ લઈને અમારા ગાળેલા વીરડામાં છાલિયું બોળ્યું ને પાણી ભર્યું. અમે તો જોઈ જ રહ્યા. અમે કંઈક કહેવા જઈએ ત્યાં તો બીબી લાંબા હાથ કરીને બાઝવા ને પોતાના ઘડાનું પાણી અમારા ઘડા ઉપર નાખવા લાગી. અમે એક ભાઈને સાદ કર્યો ત્યાં તો મોઢામાંથી બે દાંત કાઢ્યા ને ખડખડ હસવા લાગી. અમે તુરત એને ઓળખી ગયાં. અમે કીધું: 'ઓય, આ તો રત્નો ભાંડ. રોયાને બીબીનો વેષ પણ અસલ આવડે છે.'

પાસે બેઠેલા બાપુએ કહ્યું: 'અરે, રત્નો તો અસલ ભાંડ છે. એકવાર એણે ભારે કરેલી. દશેરાનો દિવસ હતો અને દરબારમાં કચેરી ભરાએલી. ગવૈયો ગાતો હતો. વાહર ઢોળવાવાળા દરબારને વાહર ઢોળતા

હતા. છડીદાર છડી પોકારતો હતો. બાપુ બેઠા બેઠા બધું આનંદથી જોતા હતા. એટલામાં સળવળાટ થયો અને કચેરીને બીજે છેડેથી લોકો ઊઠવા લાગ્યા ને સલામ ભરવા લાગ્યા. ચારેકોર કાનમાં કાનમાં વાત થવા લાગી. 'ગોરો આવ્યો છે.' 'ગોરો આવ્યો છે.' 'પ્રાંતનો શા'બ હશે.' 'મોટા શા'બ હશે.' દિવાન સુધીના બધા માણસો એકદમ ઊભા થઈ ગયા.

સાહેબ તો ટક્કારને ટક્કાર ચાલ્યો આવતો હતો. હાથમાં મોટી લાકડી, મોમાં ચિરૂટ, બગલમાં ટોપો અને રોફ તો ક્યાંઇ માય નહિ. અસલ ગોરો જ જોઈ લ્યો. ગાલ તો લાલ લાલ ટમેટા જેવા.

બધા ઊભા થયા પણ જ્યાં બાપુ ઊભા થવા જાય ત્યાં તો રત્નાએ મોઢામાંના બે મોટા દાંત બહાર કાઢ્યા. રત્નો એકદમ સલામ ભરી બોલી ઊઠ્યો: 'ખમા બાપુ, ખમા અન્નદાતા. ઘણું જીવો અમરસંગજી બાપુ.' આખી કચેરી રત્નાની સામે જોઇ રહી. રત્ના ભાંડે દિવાનશા'બ સુધીના સૌને ઊભા કર્યાં. ખરો, રત્નો ભાંડ ખરો.


આવું આવું તો રત્નો કેટલુંયે કરે. મનમાં આવે એવો વેષ રત્નો કાઢે. અને બધાયને ભૂલમાં નાખે.

પછી છેલ્લી ઘડીએ ખોટા દાંત દેખાડે ને ખડખડ હસે એટલે સૌ જાણે કે આતો ભાંડ !

કાંઈક વાર પરબ હોય, મોટો એવો તહેવાર હોય, ત્યારે રત્નો નવો વેષ કાઢી લાવે ને લોકોને ખુશી કરે.

ગામના છોકરાં તો રત્નાની પાછળ પાછળ ફર્યા જ કરે. એકવાર ખબર પડી કે આ રત્નો છે એટલે તો છોકરાં આઘા ખસે જ નહિ.

રત્નો ભાંડ ખરો વેષધારી. હજી એના જેવો બીજો કોઈ જોયો નથી. એનાં અમે કેટલાયે વેષ જોયેલા. કુંભારનો, નગરશેઠનો, વાળંદનો, બ્રાહ્મણનો, પટેલનો, પખાલીનો, બધાયના વેષ અમે જોએલા. રત્નો ભાંડ જિંદગી સુધી સાંભરશે.



લોર્ડકાન પ્રિન્ટરી : અમદાવાદ.